જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૬/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૯૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૩૮	૭	૧૧૫૪૫	૧૭૬૫૫	૫	૧૭૬૬૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૭૫૨૯	૩૪૩	૫૭૮૭૨	૫૮૧૨૭	૩૩૪	૫૮૪૬૧
કુલ		૭૩૮૬૭	૩૫૦	૭૪૨૧૭	૮૨૩૫૭	૩૩૯	૮૨૬૯૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૯	૩,૨૯,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૯૫	૧૮,૯૫,૦૦૦/-

મોબાઇલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

મણીનગર પોલીસ સ્ટેશનનો મોબાઇલ ચોરીનો ગુનો ડિટેક્ટ કરી એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન હેઠલ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૭/૦૬/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે ઇસનપુર ચોકીદાર બાવાની દરગાહ પાસેથી લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભાનાઓની સયુક્ત બાતમીથી આરોપી (૧) મુસ્તાક ઉર્ફે હાશમી સ/ઓ રજાકભાઇ મહંમદહુસેન શેખ ઉ.વ ૨૨ રહે,મુસામીયાની ચાલીની સામે નાના ચંડોળા તળાવના છાપરા શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા એક કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને વન પ્લસ-૬ મોબાઇલ ફોન મોડલ નં એ-૬૦૦૦ જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર ૮૬૮૨૬૩૦૩૧૫૮૨૪૧૯ તથા ૮૬૮૨૬૩૦૩૧૫૮૨૪૦૧ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-નો તથા ગુનો કરવામા વાપરેલ બર્ગમેન સ્કુટર નંબર જી.જે-૨૭-ડી.એલ-૫૪૦૪ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મણીનગર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૨૨૧૧૦૦૭/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૧૯/૦૬/૨૦૨૧



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

પોકેટકોપ મોબાઇલ ફોનની મદદથી વાહન ચોરીના બે આરોપીઓને ઝડપી લેતી સર્વેલન્સ સ્કોડ ટીમ શાહપુર પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા શરીર અને મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ પોકેટકોપ મોબાઇલ, CCTV કેમેરાના માધ્યમથી શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ કોમ્બીંગ ના.રા. દરમ્યાન સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત સર્વેલંસ સ્કોર્ડ ટીમ સાથે પો.સ્ટે. વિસ્તારમા સઘન પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.પો.કો. જયેશકુમાર જયરામભાઈ બ.નં.૯૬૧૯ તથા અ.પો.કો. વનરાજભાઈ ભરતભાઇ બ.નં.૧૧૯૬૭ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે શંકાસ્પદ હિરો હોન્ડા કંપનીનું સ્પેલન્ડર મોટર સાઈકલ કાળા કલરનું લઈ બે ઈસમો રેંટીયાવાડી તરફથી દિલ્હી દરવાજા તરફ પસાર થવાના છે.જે ચોક્કસ બાતમી હકીકત આધારે (૧) નિખીલભાઈ ઉર્ફે યશ સ/ઓ ભરતભાઈ દુદાભાઈ લકુમ(વણકર) ઉં.વ.૧૯ ધંધો-નોકરી રહે.બ્લોક-૭ મ.નં-૧૦૭, ગંગા એપાર્ટમેંટ, પહેલો માળ, માધવ ગાર્ડનની સામે, રામોલ, અમદાવાદ શહેર મુળ રહે-ગામ-બલાળા તા.લીમડી જી.સુરેન્દ્રનગર તથા કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર ઉ.વ.૧૬ રહે. માધવ ગાર્ડનની સામે, રામોલ, અમદાવાદ શહેર મુળ રહે.કડાદરા તા.મોરવા હડફ જિલ્લો-પંચમહાલ વાળાઓ પાસેથી એક કાળા કલરનું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેંડર જેનો આર.ટી.ઓ. નંબર-જી.જે.-૨૭-એ.એફ.-૮૫૭૯ છે તથા ચેસીસ નં.MBLHA10 ALEHF69157 તથા એંજીન નં.HA10EJEHF70204 નું છે. જેની કિંમત-૨૧૦૦૦/-ગણી સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ કબ્જે કરેલ. સદર મો.સા. નંબર ઉપરથી તેના માલીક બાબતે પોકેટ મોબાઇલ ફોન દ્વારા ખાત્રી કરતા અને બંને ઇસમોની પુછપરછ કરતા મો.સા. વસ્ત્રાલ વિસ્તારમાં અવધકુંજ સોસાયટીની બહારથી ચોરી કરેલાની હકીકત જણાવતા હોય જેથી સદરી ઇસમો ચૈકી નં.૦૧ને આજરોજ તા-૧૯/૦૬/૨૦૨૧નાં કલાક-૦૨/૩૦ વાગે C.R.P.C કલમ-૪૧(૧)ડી મુજબ પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

(૧) આર.એચ.વાળા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર (૨) પો.સ.ઈ એસ.આર.બલાત (૩) મ.સ.ઈ. રણજીતસિંહ તખતસિંહ બ.નં.૭૫૦૯ (૪) અ.હેડ.કોંસ જાવેદખાન અખ્તરખાન બ.નં.૯૬૬૮ (૫) પો.કો. જયેશકુમાર જયરામભાઈ બ.નં.૯૬૧૯ (૬) પો.કો. જીતેશકુમાર રમેશભાઈ બ.નં.૬૫૦૩ (૭) પો.કો. અક્ષયકુમાર દશરથલાલ બ.નં.૧૨૮૫૬ (૮) પો.કો.યુનુશખાન મુનાવરખાન બ.નં.૮૬૫૪ (૯) પો.કો. હરપાલ દીપસંગભાઇ બ.નં.૧૧૭૪૨ (૧૦) પો.કો રવીન્દ્ર હદયરામ બ.નં.૨૮૬૪ (૧૧) પો.કો. પ્રીયવદન મનુભાઈ બ.નં.૬૪૮૪ (૧૨) પો.કો. શૈલેશભાઈ ગોવીદભાઈ બ.નં.૭૪૨૨ (૧૩) પો.કો. વનરાજભાઈ ભરતભાઇ બ.નં.૧૧૯૬૭ (૧૪) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ બ.નં.૯૩૯૩ (૧૫) પો.કો. જિજ્ઞેશભાઈ ભવાનભાઈ બ.નં.૬૫૫૧ (૧૬) પો.કો. ઈશ્વરભાઈ માલસુરભાઈ બ.નં.૧૧૯૫૨

આરોપીઓએ કબુલાત કરેલ ગુનાઓ

(૧) રામોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૧૧૭૮/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૭૯ (૨) કેશવ પાર્ક સોસાયટી,રામોલ ખાતેથી એક મકાનની આગળ કાળા કલરનું પેશન પ્લસ મો.સા.ની ચોરી કરી વસ્ત્રાલ સ્વામીનારાયણ મંદીર પાસે આવેલ પડતર જગ્યામાં પેશન મો.સા.ને સળગાવી નાખી ત્યાં જ મુકી દિધેલની કબુલાત કરેલ છે

આરોપીની વિગત

નિખીલભાઈ ઉર્ફે યશ સ/ઓ ભરતભાઇ દુદાભાઈ લકુમ (વણકર) ઉં.વ.૧૯ ધંધો-નોકરી રહે.બ્લોક-૭ મ.નં-૧૦૭, ગંગા એપાર્ટમેંટ, પહેલો માળ, માધવ ગાર્ડનની સામે, રામોલ, અમદાવાદ શહેર મુળ રહે-ગામ-બલાળા તા.લીમડી જી.સુરેન્દ્રનગર તથા કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર



પીસીબી

સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા ૭ ઈસમોને કુલ્લે રુપિયા ૧,૧૩,૯૩૦/- મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા. તરફથી આપવામા આવેલ પ્રોહી/જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને તા.૧૮.૬.૨૦૨૧ ના રોજ પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓ સ્ટાફના હે.કો.રાજેન્દ્રસિંહ જીવતસિંહ, હે.કો. વિજયસિંહ હિન્દુજી, હે.કો.પ્રિયવદન જયંતીલાલ, પો.કો.વિજયસિંહ પૃથ્વીસિંહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના હે.કો.રાજેન્દ્રસિંહ જીવતસિંહ તથા હે.કો. વિજયસિંહ હિન્દુજી નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીક્ત આધારે ગોતા ગામ ખાતે નવા બનતા ઔડાના મકાન હિમાલયા એપાર્ટમેન્ટ ખાતે ત્રીજા માળે સીડી ચઢી ડાબી બાજુ લોબીમાં જતા જમણી બાજુના છેલ્લા એક ફલેટમાં કુલ્લે ૭ આરોપીઓને નાણાની હારજીતનો તીનપત્તી નો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૩૮,૪૩૦/-/ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૧,૧૩,૯૩૦/- ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સોલા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૫૨૧૦૭૧/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) પ્રમોદકુમાર રામકુમાર ગુપ્તા રહે. રણછોડનગર વિભાગ-૨, જીતેનભાઇના મકાનમાં, કિષ્ણા ડેરી પાસે, ચાંદલોડીયા, અમદાવાદ (૨) પ્રેમસિંહ રામસિયા રાઠોડ રહે.બી/૯, ગણપતિનગર, ન્યુ રાણીપ, ચાંદલોડીયા, અમદાવાદ (૩) રાજવીર ગુલઝારી કુશવાહ રહે.કરમશીભાઇની ચાલી, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ (૪) મુરલીરામ રામસિયા રાઠોડ રહે.મ.નં.૧૦, ગૌત્તમનગર, ચાંદલોડીયા, અમદાવાદ (૫) ગંધરાવ ઉદયભાણસિંહ ઠાકર રહે.સેકટર-૬ મકાન નં.૨૬૮ ચાણકયપુરી, ઘાટલોડીયા, અમદાવાદ (૬) દિપક લક્ષ્મણ કુશવાહ રહે.મેલડીનગર વિભાગ-૫, ન્યુ રાણીપ, અમદાવાદ (૭) પ્રદીપસિંગ ભીમસિંગ ભદોરીયા રહે.૧૦૪/૧૦, ગોકુલધામ રેસીડેન્સી, સિલ્વર સ્ટારની બાજુમાં, ચાંદલોડીયા, અમદાવાદ

વોન્ટેડ: (૧) સુનિલ યાદવ રહે.ચાંદલોડીયા તથા (૨) અજય યાદવ રહે.ગોતા

ગુનાની જગ્યા : ગોતા ગામ ખાતે નવા બનતા ઔડાના મકાન હિમાલયા એપાર્ટમેન્ટ ખાતે ત્રીજા માળે સીડી ચઢી ડાબી બાજુ લોબીમાં જતા જમણી બાજુના છેલ્લા એક ફલેટમાં, ગોતા

પકડાયેલ મુદામાલ : (૧) નાંણા રૂ.૩૮,૪૩૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૦૮ કિંમત રૂ.૨૫,૫૦૦/- (૩) ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦ (૪) વાહનો ટુ વ્હિલર નંગ.૨ કિ.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૧૩,૯૩૦/-





પીસીબી

સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ રહેણાંક મકાનમા ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલ વર્લ્ડ ક્રિકેટ ટેસ્ટ ચેમ્પીયનશિપની મેચ ઉપર ક્રિકેટ સટ્ટાનો જુગાર રમતા ૧ ઈસમને રૂપિયા ૧૦,૦૦૦/- મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા.તરફથી આપવામા આવેલ પ્રોહી/જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી ના માર્ગદર્શન હેઠળ તા.૧૯.૬.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો શૈલેષ દેવાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મકાન ન.૧૪/બી ન્યુ મહારાજા સોસાયટી માયા સિનેમા રોડ કુબેરનગર સરદારનગર ખાતે પંચો સાથે રેઈડ કરી આરોપી વિનોદ ઉર્ફે વિનુ ઉર્ફે જયભોલે પ્રેમચંદ મુલચંદાણી ને મોબાઈલ ફોન ઉપર હાલમા ચાલતી વર્લ્ડ ક્રિકેટ ટેસ્ટ ચેમ્પીયનશીપની ભારત- ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટેસ્ટ મેચ ઉપર ઓનલાઈન ક્રિકેટ સટ્ટા નો જુગાર રમી રમાડતા કુલ્લે રૂ.૧૦,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી લઈ તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૦૨૧૧૭૬૪/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

આરોપી :

વિનોદ ઉર્ફે વિનુ ઉર્ફે જયભોલે પ્રેમચંદ મુલચંદાણી રહે. મકાન ન.૧૪/બી ન્યુ મહારાજા સોસાયટી માયા સિનેમા રોડ કુબેરનગર સરદારનગર અમદાવાદ

ગુનાની જગ્યા :

મકાન ન.૧૪/બી ન્યુ મહારાજા સોસાયટી માયા સિનેમા રોડ કુબેરનગર સરદારનગર

પકડાયેલ મુદામાલ :

(૧) મોબાઈલ ફોન નંગ-૧ કિ.૧૦,૦૦૦/(૨) ચોપડા નંગ ૨ કિ.૦૦ (૩) બોલપેન નંગ ૧ કિ.૦૦ મળી કુલ્લે કિ.રૂ.૧૦,૦૦૦/- નો મુદામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૭૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૧૦૧/૨૦૨૧**

પાલડીઃ ધર્મ સ/ઓ તુષારભાઇ પાટડીયા (ઉ.વ.૩૧) (રહે. ભક્તિનગર સોસાયટી ગુરૂકુળ રોડ મેમનગર) એ તા.૧૯/૦૬/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબુઆરી/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ફતેપુરા પોસ્ટ ઓફિસ સામે વકીલશ્રી દિવ્યા મોદીની ઓફીસ ખાતે આરોપી રિલ એન્ટરટેઇનમેન્ટ અને હિપ્સ્ટર મિડીયાના માલિક યશ વૈધ (ઓફીસ-રહે,પ્લેટેનિયમ પ્લાઝા જજીસ બંગ્લોઝ બોડકદેવ) એ ધર્મ પાટડીયાની કંપનીને ગુજરાત સરકારના ટુરીઝમ વિભાગના પ્રોજેકટના વિડીયોનુ કામ અપાવાનો વિશ્વાસ આપી ડીપોઝીટ પેટે રૂપિયા ૩,૦૦,૦૦૦/- તથા ટી.ડી.એસના રૂપિયા ૧,૦૦,૦૦૦/- લઇ કામ પુર્ણ થયે રૂપિયા ૨૭,૦૦,૦૦૦/- વળતર રકમ તરીકે ચુકવવાનુ જણાવી ધર્મ પાટડીયાની કંપની રીલ ઇન્ટરટેંટ નામની કંપનીના નામથી કરાર કરી કામ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

ગોમતીપુરઃ અબ્દુલકાદર અબ્બાસભાઇ શેખ (ઉ.વ.૫૩) (રહે. ચોકસીની ચાલી કાળીદાસ મીલ કમ્પાઉન્ડ પાછળ ગોમતીપુર) એ તા.૧૯/૦૬/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઈલ નંબર ના ધારકે અબ્દુલકાદર શેખના મોબાઈલ નંબર ઉપર ફોન કરનાર યુવતીએ આર.બી.એલ. બેંકમાંથી વાત કરતા હોવાનુ જણાવી અબ્દુલકાદર શેખનુ નવુ આવેલ આર.બી.એલ બેંકનુ ક્રેડીટ કાર્ડ ચાલુ કરવાના બહાને અબ્દુલકાદર શેખ પાસેથી ક્રેડીટ કાર્ડના પાછળના ચાર આંકડા મેળવી ક્રેડીટ કાર્ડ મારફતે ઓનલાઇન કોઈ વ્યક્તિનુ ટોરેન્ટ પાવર વિજળીનુ બીલ રૂપિયા ૫૪,૪૩૦/- ભરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ચિરાગકુમાર કનુભાઇ પટેલ (ઉ.વ.૪૧) (રહે. શિવધામ રો-હાઉસ કઠવાડા રોડ નરોડા) એ તા.૧૯/૦૬/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૧ ના રોજ ચિરાગકુમાર પટેલે એસ.બી.આઈ.બેન્કના ક્રેડીટ કાર્ડથી ફોન દ્વારા CRED નામની એપ્લીકેશનથી ૧,૦૦,૦૦૦/- રૂપિયા ટ્રાન્સફર કરવા જતા ભુલથી એક્સીસ બેન્કના ક્રેડીટ કાર્ડ દ્વારા થઈ જતા ચિરાગકુમારે ગુગલમાંથી સર્ચ કરી ટોલ ફ્રી નંબર મેળવી મોબાઈલ નંબર ૦૮૬૧૭૬૩૪૧૫૯ ઉપર વિગત જણાવતા તેઓએ બીજા મોબાઈલ નંબર ૯૮૩૨૭૫૯૬૨૨ થી વાત કરી એક્સીસ બેન્કના કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાનુ જણાવી એક્સીસ બેન્કમાંથી એસબીઆઈ બેન્કમાં પૈસા ટ્રાન્સફર કરી આપવાનુ જણાવી પ્રોસેસ કરી ચિરાગકુમાર પટેલના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર મેળવી લઈ અલગ-અલગ બેન્કમાંથી કુલ રૂપિયા ૧,૭૭,૫૮૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ સૈયદ અયાઝ રઝાકમિયા (ઉ.વ.૩૭) (રહે. અલ-ગઝાલી પાર્ક વટવા) એ તા.૧૯/૦૬/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૮૧૬૦૮૭૯૧૫૯ ના ધારકે સૈયદ રઝાકમિયાના મોબાઈલ નંબર પર વોટસએપ મેસેજ કરી વર્નીરાજ ઈન્ફોટેક કંપનીમાંથી આરાધ્યા પટેલ વાત કરતા હોવાની ઓળખ આપી ઘરે બેઠા પૈસા કમાવવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ રજીસ્ટ્રેશન ફી પેટે રૂપિયા ૯૯૯/- ૯૯૦૪૧૪૧૦૪૪@ybl યુ.પી.આઈ આઈ.ડી.માં જમા કરાવડાવી એક સોફટવેરમા અંગ્રેજી કર્સીવ રાઈટીંગના ૪૦ પેજનુ વર્ક મોકલી આપતા સૈયદ રઝાક્મિયાએ જે વર્ક ટાઈમ લીમીટમા genterprise439@gmail.com ઉપર સબમીટ કરેલ હોવા છતા, કામ કરવા પેટે કોઈ પણ નાણા આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૧૦૨/૨૦૨૧</u>**

સાબરમતીઃ શૈલેષભાઇ ગિરધરભાઇ મકવાણા (રહે. વૃંદાવન હાઇટ્સ વંદેમાતરમ સેવી સ્વરાજ રોડ ગોતા) એ તા.૧૯/૦૬/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૭/૦૬/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૧૦૩/૨૦૨૧**

મેઘાણીનગરઃ જાનવીબહેન ડો/ઓ યોગેંદ્રસિંગ ઝાલા (રહે. શકિત સહકાર કોલોની સેકટર-૨૫ ગાંધીનગર) એ તા.૧૯/૦૬/૨૦૨૧ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૬/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી સાજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી રણછોડભાઇ સાંકાભાઇ રબારી (રહે. છગનજીની વાડી લક્ષ્મીનગર છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) અને તેમની પુત્રીએ ભેગા મળી મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ ખાતે આવેલ ઓમકારનગરની આંગણવાડી, સરસ્વતીનગરની આંગણવાડી અને સંતોષીનગરની આંગણવાડીના ઓશરીમાંથી આંગનવાડીમાં પ્રવેશ કરી આંગણવાડીમાંથી બાળકોને, સગર્ભા સ્ત્રીઓને અને કિશોરીઓને આપવામા આવતા પોષણયુકત ખોરાકના પાવડર ભરેલા પેકેટો કિમત રૂપિયા ૪૧,૦૪૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૧૦૪/૨૦૨૧**

માધવપુરાઃ કુંજલભાઇ મહેશભાઇ પટેલ (ઉ.વ.૩૯) (રહે. યોગેશ સોસાયટી બંગ્લા નંબર-૫ શાહપુર દરવાજા બહાર શિવ શક્તિનગર સામે માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૧ બપોરના ૨/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રજ્ઞેશકુમાર દશરથલાલ ચલાવે છે.

નરોડાઃ જીનલબહેન સુખદેવભાઇ નાઇ (ઉ.વ.૨૮) (રહે. દિપિકા ટાવર એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે નારોડા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

રામોલઃ અકબર અહેમદ શેખ (ઉ.વ.૩૨) (રહે. જહાંગીરખાનની ચાલી ખાનવાડી રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં પાઇપ સાથે વાયર બાંધી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી